વસ્ત્રાલ (૧૦૦%) ૧

## બીજા વધારાના ખાસ જમીન સંપાદન અધિકારીની કચેરી, અમદાવાદ,

**નં. એલ.એ.ક્યુ.કેસ નં ૧૮/૨૦૧૭**

જમીન સંપાદન, પુન:સ્થાપન અને પુન:વસનમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ, ૨૦૧૩

**વિષય:** **જમીન સંપાદન – અમદાવાદ**
અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેકટના જાહેર હેતુ માટે જમીન સંપાદન – અમદાવાદ જિલ્લો

**મોજે:- વસ્ત્રાલ તા. વટવા, જી.અમદાવાદ**

**સંપાદક સંસ્થા:** ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લી. (જી.એમ.આર.સી. લી.) (ભારત સરકારશ્રી, અને સહભાગી રાજ્ય સરકારશ્રીનું સંયુક્ત સાહસ)

**સંમતિ એવોર્ડ**

[ કલમ- ૨૩ એ નીચે ]

**પ્રસ્તાવના :-**

અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેકટના જાહેર હેતુ માટે અમદાવાદ જિલ્લામાં આવતી પથરેખામાં આવતાં શહેરી વિસ્તારોની જમીન સંપાદન કરવા માટે સંપાદક સંસ્થા ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લી. (જી.એમ.આર.સી લી.) ની તા.૨૭/૧૨/૨૦૧૬ અને તા. ૦૪/૦૫/૨૦૧૭ના પત્રોથી અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટ ફેઝ-૧ના જાહેરહેતુ માટે મોજે.વસ્ત્રાલ તા.વટવા જિ.અમદાવાદની જમીન સંપાદનની દરખાસ્ત આ કચેરીને મળેલ. સદરહું હેતુના જમીન સંપાદન માટે જમીન સંપાદન, પુન:સ્થાપન અને પુન:વસનમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ, ૨૦૧૩ (જેનો આમાં હવે પછી "જમીન સંપાદન અધિનિયમ, ૨૦૧૩" એ મુજબ ઉલ્લેખ કરેલ છે તે) ની કલમ-૧૦એ નીચે સામાજિક અસર સમીક્ષા મુક્તિની દરખાસ્ત સહિત જમીન સંપાદનની દરખાસ્ત સંપાદક સંસ્થાએ અત્રેને રજુ કરતાં અત્રેની કચેરી ધ્વારા તેની ચકાસણી કરીને યોગ્ય જણાતાં સદરહું જમીન સંપાદનના કામે જમીન સંપાદન અધિનિયમ -૨૦૧૩ અને તેમાં થયેલ ગુજરાત જમીન સંપાદન સુધારા અધિનિયમ-૨૦૧૬ (૨૦૧૬ નો ગુજરાત કાયદા નં-૧૨) ની જોગવાઇઓ અનુસાર જમીન સંપાદનની કાર્યવાહી નીચે મુજબ કરવામાં આવી.

**(૧) અધિનિયમ નીચેના જાહેરનામાં તથા તેની પ્રસિધ્ધિ :-**

| | |
|---|---|
| (૧) નવો જમીન સંપાદન કાયદો -૨૦૧૩ ની કલમ-૧૦-એ ના પ્રકરણ ૨ અને ૩ મુજબના જાહેરનામનો નંબર /તારીખ | સરકારશ્રીના મહેસુલ વિભાગના જાહેરનામા ક્રમાંક અમ-૨૦૧૭-૮૧-મ-જઅમ-૧૪-૧૨૧૭-૯૧૯-ઘ તા.૦૫/૦૭/૨૦૧૭ થી મંજુર કરવામાં આવેલ છે. જે જાહેરનામા ગુજરાત સરકારના રાજપત્ર ભાગ-૧/બી ના પાના નં. ૯૦/૧ થી ૯૦/૩ ઉપર તા.૦૫/૦૭/૨૦૧૭ના રોજ પ્રસિધ્ધ થયેલ છે. જેની પ્રસિધ્ધિ ગુજરાત વર્તમાનપત્ર "દિવ્ય ભાસ્કર" માં તા.૧૪/૦૭/૨૦૧૭ અને અંગ્રેજી વર્તમાનપત્ર "ડીએનએ" માં તા.૧૪/૦૭/૨૦૧૭ ના રોજ પ્રસિધ્ધ થયેલ છે. |
| (૨) કલમ-૧૦એના જાહેરનામાની સ્થળ પ્રસિધ્ધની વિગત | કલમ-૧૦એના જાહેરનામાની પ્રસિધ્ધિ તા.૧૪/૦૭/૨૦૧૭ થી તા. ૧૯/૦૯/૨૦૧૭ સુધીમાં સ્થાનિક કચેરીઓ ખાતે કરવામાં આવેલ છે. |
| (૩) નવો જમીન સંપાદન કાયદોની કલમ-૧૧(૧) મુજબના પ્રાથમિક જાહેરનામાના નં. તથા તારીખ | સરકારશ્રીના મહેસુલ વિભાગ, ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક: અમ-૨૦૧૮-૧૬૧-મ-જઅમ-૧૨૧૭-૯૧૯-ઘ તા.૦૧/૦૩/૨૦૧૮ થી મંજુર કરવામાં આવેલ. જે જાહેરનામું ગુજરાત સરકારના રાજયપત્ર ભાગ-૧/બી ના પાના નં. ૧૮૬/૧ થી ૧૮૬/૪ ઉપર તા.૦૧/૦૩/૨૦૧૮ ના રોજ પ્રસિધ્ધ થયેલ છે. જેની પ્રસિધ્ધિ ગુજરાતી વર્તમાનપત્ર "નવ ગુજરાત સમય" માં તા. ૧૬/૦૩/૨૦૧૮ ના રોજ અને અંગ્રેજી વર્તમાનપત્ર ડીએનએમાં તા.૧૬/૦૩/૨૦૧૮ રોજ પ્રસિધ્ધ થયેલ છે. |
| (૪) નવો જમીન સંપાદન કાયદો ૨૦૧૩ ની કલમ-૪૩ (૧) ના જાહેરનામાના નંબર/તારીખ | સરકારશ્રીના મહેસુલ વિભાગ, ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક: અમ-૨૦૧૮-૧૬૦-મ-જઅમ-૧૨૧૭-૯૧૯-ઘ તા.૦૧/૦૩/૨૦૧૮ થી મંજુર કરવામાં |

બીજા વધારાના ખાસ જમીન સંપાદન અધિકારી

| | | |
|---|---|---|
| | | આવેલ. જે જાહેરનામું ગુજરાત સરકારના રાજયપત્ર ભાગ-૧/બી ના પાના નં. ૧૮૫/૧ થી ૧૮૫/૩ ઉપર તા.૦૧/૦૩/૨૦૧૮ ના રોજ પ્રસિધ્ધ થયેલ છે. જેની પ્રસિધ્ધિ ગુજરાતી વર્તમાનપત્ર "નવ ગુજરાત સમય" માં તા. ૧૬/૦૩/૨૦૧૮ ના રોજ અને અંગ્રેજી વર્તમાનપત્ર ડીએનએમાં તા.૧૬/૦૩/૨૦૧૮ રોજ પ્રસિધ્ધ થયેલ છે |
| (૫) | કલમ-૧૧(૧) તથા ૪૩(૧) ના જાહેરનામાઓની સ્થળ પ્રસિધ્ધની તારીખ | કલમ-૧૧(૧) તથા ૪૩(૧) ની નોટીસ પ્રસિધ્ધ તા. ૧૬/૦૩/૨૦૧૮ થી તા. ૦૪/૦૪/૨૦૧૮ સુધીમાં સ્થાનિક કચેરીઓ ખાતે કરવામાં આવેલ છે. |
| (૬) | નવો જમીન સંપાદન કાયદો કલમ-૧૯(૧) મુજબના આખરી જાહેરનામાનો નંબર તથા તારીખ | સરકારશ્રીના મહેસુલ વિભાગ, ગાંધીનગરના જાહેરનામા નંબર: અમ-૨૦૧૮/૪૫૬/મ-જઅમ-૧૨૧૮-૯૧૯-ઘ તા. ૧૪/૦૫/૨૦૧૮ થી મંજુર કરવામાં આવેલ છે. જે જાહેરનામું સરકારશ્રીના રાજયપત્રના ભાગ-૧/બી ના પાના નં. ૪૮૬/૧ થી ૪૮૬/૨ ઉપર તા.૧૪ /૦૫/૨૦૧૮ ના રોજ પ્રસિધ્ધ થયેલ છે. જેની ગુજરાતી વર્તમાનપત્ર "ગુજરાત સમાચાર" માં તા. ૨૧/૦૫/૨૦૧૮ અને અંગ્રેજી વર્તમાનપત્ર "વેસ્ટર્ન ટાઈમ્સ" માં તા.૨૧/૦૫/૨૦૧૮ ના રોજ પ્રસિધ્ધ થયેલ છે. |
| (૭) | કલમ-૧૯(૧) હેઠળની નોટીસની સ્થળ પ્રસિધ્ધની તારીખ | કલમ-૧૯(૧) હેઠળની નોટીસની સ્થળ પ્રસિધ્ધિ તા.૧૮/૦૫/૨૦૧૮ થી તા.૨૩/૦૫/૨૦૧૮ સુધીમાં સ્થાનિક કચેરીઓ ખાતે કરવામાં આવેલ છે. |
| (૮) | નવો જમીન સંપાદન કાયદો કલમ-૧૯(૧) મુજબના આખરી જાહેરનામાની મુદત વધારવા અંગેના જાહેરનામાના નંબર તથા તારીખ | સરકારશ્રીના મહેસુલ વિભાગ, ગાંધીનગરના જાહેરનામા નંબર: અમ-૨૦૧૯/૩૬૨/મ-જઅમ-૧૨૧૭-૯૧૯-ઘ તા. ૨૦/૦૬/૨૦૧૯ થી મંજુર કરવામાં આવેલ છે. જે જાહેરનામું સરકારશ્રીના રાજયપત્રના ભાગ-૧/બી ના પાના નં.૧ થી ૩ ઉપર તા.૨૦ /૦૬/૨૦૧૯ ના રોજ પ્રસિધ્ધ થયેલ છે. જેની ગુજરાતી વર્તમાનપત્ર "દિવ્યભાસ્કર" માં તા. ૨૯/૦૬/૨૦૧૯ અને અંગ્રેજી વર્તમાનપત્ર "ડીએનએ" માં તા.૨૯/૦૬/૨૦૧૯ ના રોજ પ્રસિધ્ધ થયેલ છે. તેના અનુસંધાને આ જમીન સંપાદન કેસમાં એવોર્ડ જાહેર કરવાની મુદત તા. ૧૩-૦૫-૨૦૨૦ સુધીની મુકરર થયેલ છે. |
| (૯) | નવો જમીન સંપાદન કાયદો કલમ-૧૯(૧) મુજબના આખરી જાહેરનામાની મુદત વધારવા અંગેના જાહેરનામાના ના સ્થળ પ્રસિધ્ધિની તારીખ | કલમ-૧૯(૧) હેઠળની નોટીસની સ્થળ પ્રસિધ્ધિ તા.૨૮/૦૬/૨૦૧૯ થી તા.૨૯/૦૬/૨૦૧૯ સુધીમાં સ્થાનિક કચેરીઓ ખાતે કરવામાં આવેલ છે. |

જમીન સંપાદન ધારાની કલમ- ૧૧ (૧) નું જાહેરનામું તથા હેઠળની નોટીસની બજવણી નિયમાનુસાર કરીને સદરહું જમીન સંપાદન સામે વાંધાઓ હોય તો તે નિયત ૬૦ દિવસની સમયમર્યાદામાં રજુ કરવા જણાવવામાં આવેલ. તેના અનુસંધાને સદરહું જાહેરનામા સામે કોઈ વાંધા રજુ થયેલ નથી. જેથી કાયદાની કલમ ૧૫(૨) નીચે માહિતિ શૂન્ય હોય તે અંગેના અહેવાલ સાથે જમીન સંપાદન અધિનિયમની કલમ-૧૯(૧) હેઠળનું આખરી જાહેરનામું તૈયાર કરીને સરકારશ્રીના મહેસુલ વિભાગ, ગાંધીનગરને આ કચેરીના પત્ર નં. એલએક્યુ/કેસ નં ૧૮/૨૦૧૭/વસ્ત્રાલ મેટ્રો રેલ જમીન સંપાદન/કલમ-૧૯(૧) આખારી જાહેરનામુ/ એલ.એક્યુ કેસ નં.૧૮/૨૦૧૭/વસ્ત્રાલ/વશી/૨૦૧૮ તા. ૧૦/૦૫/૨૦૧૮ થી મંજુર કરવા માટે મોકલવામાં આવેલ.

તેના અનુસંધાને જમીન સંપાદન અધિનિયમ-૨૦૧૩ની કલમ-૧૯(૧) હેઠળનું આખરી જાહેરનામું સરકારશ્રીના મહેસુલ વિભાગે મંજુર કરી ક્રમાંક: અમ-૨૦૧૮/૪૫૬/મ-જઅમ-૧૨૧૮-૯૧૯-ઘ, તા. ૧૪/૦૫/૨૦૧૮ થી મેનેજરશ્રી સરકારી પ્રેસ, ગાંધીનગરને મોકલી આપેલ. જે મુજબ કલમ-૧૯(૧) નું આખરી જાહેરનામું તા. ૧૪/૦૫/૨૦૧૮ ના રોજ પ્રસિધ્ધ થયેલ ત્યારબાદ સદર જાહેરનામાની મુદત તા.૧૩/૦૫/૨૦૧૯ ના રોજ પુરી થતી હોવાથી જમીન સંપાદન અધિનિયમ-૨૦૧૩ની કલમ-૧૯(૭) હેઠળ મુદત વધારી આપવા બાબતનુ જાહેરનામું તૈયાર કરીને સરકારશ્રીના મહેસુલ વિભાગ, ગાંધીનગરને આ કચેરીના પત્ર નં. એલએક્યુ/કેસ નં ૧૮/૨૦૧૭/ મેટ્રો રેલ જમીન સંપાદન/વસ્ત્રાલ/કલમ-૧૯(૧)/વશી ૮૭૦/૨૦૧૯ તા. ૦૬/૦૫/૨૦૧૯ થી મંજુર કરવા માટે

મોકલવામાં આવેલ. જે જાહેરનામું સરકારશ્રીના મહેસુલ વિભાગે મંજુર કરી ક્રમાંક: અમ-૨૦૧૯/૩૬૨/મ-જઅમ-૧૨૧૭-૯૧૯-ધ, તા. ૨૦/૦૬/૨૦૧૯ થી મંજુર કરીને મેનેજરશ્રી સરકારી પ્રેસ, ગાંધીનગરને મોકલી આપેલ. તેના અનુસંધાને આ જમીન સંપાદન કેસમાં એવોર્ડ જાહેર કરવાની મુદત તા. ૧૩-૦૫-૨૦૨૦ સુધીની મુકરર થયેલ છે.

(૨) જમીન સંપાદન અધિનિયમ-૨૦૧૩ની કલમ-૨૧(૧)(૨) હેઠળની જાહેર નોટીસ તથા કલમ-૨૧(૪)(૫) નીચેની વ્યક્તિગત નોટીસોની અત્રેની કચેરીએથી તા. ૧૦/૦૭/૨૦૧૮ ના રોજ બજવણી કરવામાં આવેલ. જે નોટીસ ગ્રામ પંચાયત કચેરી તથા અન્ય જાહેર સ્થળોએ જોઇ શકાય તેવી જગ્યાએ ચોંટાડવામાં આવેલ અને સંબંધિત હિતધારક/કબજેદારોના હક્કદાવાની સુનાવણી અત્રેની કચેરીમાં તા૧૮/૦૭/૨૦૧૮, તા.૨૭/૦૮/૨૦૧૮, અને તા.૨૯/૦૯/૨૦૧૮ ના રોજ રાખવામાં આવેલ.

(૩) <u>સંમતિ કરાર :-</u>

સને ૨૦૧૬ના ગુજરાત કાયદા નં-૧૨થી જમીન સંપાદન અધિનીયમ ૨૦૧૩માં નવી દાખલ થયેલ કલમ ૨૩(એ)ની જોગવાઈને અનુસરીને આ કેસમાં સંમતિ એવોર્ડ કરવા માટે સંપાદક સંસ્થાના તા.૦૩/૦૩/૨૦૨૦ ના પત્ર નં:એલ.એક્યુ થી અત્રેને જણાવવામાં આવેલ છે. સરકારશ્રીના મહેસુલ વિભાગના સંમતિ એવોર્ડ માટેના ઠરાવ ક્રમાંક: એલએક્યુ/૨૨/૨૦૧૪/૫૪/ધ તા.૦૪/૦૪/૨૦૧૮ અને ઠરાવ ક્રમાંક: એલએક્યુ/૨૦૧૮/૧૯૭૬/ધ તા.૧૧/૦૯/૨૦૧૮ના અનુબંધાને આધિન સંપાદક સંસ્થા તથા જમીન/મિલકતના કબ્જેદાર તરીકે બંને પક્ષકારો એવોર્ડના પરિશિષ્ટ-બી મુજબ વળતર સ્વીકારવા માટે સંમત થતા જમીન સંપાદન અધિનિયમની કલમ-૨૩(એ) હેઠળ જમીન/મિલકતના કબ્જેદારો તથા સંપાદક સંસ્થાએ પરિશિષ્ટ-બી ની વિગતે સંમતિ કરાર કરવામાં આવેલ છે. તે સંમતિ કરારની તમામ વિગતો લક્ષમાં લઈને કલમ ૨૩(એ) હેઠળનો આ ચુકાદો જાહેર કરવામાં આવે છે.

(૪) <u>માલીકી હક્ક</u> :-

મોજે: વસ્ત્રાલ, તા.વટવાની સંપાદન થતી જમીનો/મિલકતોના ગા.નં.૭/૧૨ તથા કબજા હકના સરકારી મહેસુલી રેકર્ડના દસ્તાવેજી પુરાવાઓમાં જણાવેલ કબજેદારોના નામ ખરા માનવામાં આવે છે.

(૫) <u>સંપાદન થતી જમીન / મિલકતની સંયુક્ત માપણી:-</u>

સંયુકત માપણીના ફકરા નં.૧૦૪ માં જણાવ્યા મુજબ કલમ-૧૯(૧) હેઠળના આખરી જાહેરનામામાં સમાવિષ્ટ કર્યા મુજબની આ સાથેના પરિશિષ્ટ-બી માં જણાવેલ જમીનના કબજેદાર/હિતધારકોની સંપાદન થતી જમીનના ક્ષેત્રફળ ચો.મી જમીન સંમતિ એવોર્ડથી સંપાદન થાય છે. સંપાદન થતી જમીનો અંગે સંમતિ કરાર કરનાર હીતસંબંધ ધરાવનાર ઈસમો (જમીન માલિક/પક્ષકારો) તરફથી કોઇ વાંધો ઉઠાવવામાં આવેલ નથી.

(૬) <u>સંપાદન થતી જમીનની સ્થળ, સ્થિતનું વર્ણન :-</u>

સંપાદન હેઠળની જમીન વસ્ત્રાલ ગામની સીમમાં આવેલ છે. તથા આ જમીન બિનખેતી ઉપયોગની ચાલી આવે છે. સંપાદન હેઠળની જમીનો સમતળ/અસમતળ સપાટી ધરાવતી જમીનો છે. સંપાદન હેઠળની જમીનો બિનખેતી છે.

(૭) <u>વળતર દાવા અંગે હીત ધરાવનાર કબજેદારોની રજુઆત</u> :-

હીત ધરાવનાર કબજેદાર/મિલકત ધારકો તથા સંપાદક સંસ્થા દ્રારા જમીન સંપાદનનું સંમતિ કરારથી નક્કી કરેલ વળતર આપવા સંમતિ દર્શાવેલ છે.

(૮) <u>દાવાના સમર્થનમાં હીત ધરાવનાર કબજેદારોની રજુઆત</u> :-

હીત ધરાવનાર કબજેદારોએ તેઓની માલીકી તથા કબજા ભોગવટાના પુરાવા રજુ કરેલ છે.

(૯) <u>વળતરના દાવા અંગે સંપાદક સંસ્થાની રજુઆત</u> :-વળતરના દાવાના અંગે સંપાદક સંસ્થાએ બંને પક્ષકારો સાથેના જમીન/મિલકતની કિમંત અંગેના સંમતિ કરારના પુરાવા રજુ કરેલ છે. તે મુજબ સંપાદક સંસ્થા કબજેદારોને સંમતિ કરાર મુજબની ૧૦૦% રકમ ચુકવવી દીધેલ છે.

(૯)

(૧૦) **જમીનનું મુલ્યાંકન:-**

સંપાદન થતી જમીનો/મિલકતોનો કબજેદારો અને સંપાદક સંસ્થાએ પત્રક- બી પ્રમાણેની વળતરની કિંમત સંમતિ એવોર્ડ માટે સ્વીકારવા સંમતિ આપી. જમીન સંપાદન અધિનિયમ હેઠળ જરૂરી કરારનામા રજુ કરેલ છે. અને તે મુજબ સંમતિ એવોર્ડ કરવા માટે માંગણી કરેલ છે.

(૧૧) **અન્ય હક્કદાવા:-**

જમીન/મિલકતના કબ્જેદારો તથા સંપાદક સંસ્થા ધ્વારા કોઇ અન્ય હક્કદાવા રજુ થયેલ નથી.

(૧૨) **પ્રોત્સાહક વળતર:-**

સંપાદન હેઠળની જમીન/મિલકત સંમતિથી આપવા જમીન/મિલકતના કબજેદારો તથા સંપાદક સંસ્થાએ સંપાદન ધારાની કલમ-૨૩એ હેઠળ જરૂરી સંમતિ કરારનામા રજુ કરેલ છે. અને સંમતિથી વળતર નક્કી કરવામાં આવેલ છે. કબજેદારનીજમીન/મિલકતની વળતર કિંમતમાં પ્રોત્સાહક રકમ સહિતના સંમતિવળતરનો સમાવેશ કરવામાં આવેલ છે. જેથી અલગથી પ્રોત્સાહક વળતર આકારવાનું રહેતું નથી.

(૧૩) **સોલેશ્યમ :-**

જમીન સંપાદન ધારા હેઠળ નક્કી કરેલ જમીનની સંમતિ વળતરની કુલ રકમ બંને પક્ષકારોની સંમતિથી નક્કી થયેલ હોઇ અલગથી સોલેશ્યમ (વળતર રાહત) ની આકારણી કરવની થતી નથી.

(૧૪) **૧૨ ટકા પ્રમાણે ભાવવધારો:-**

સદરહુ કેસમાં સંમતિ કરારથી નક્કી કરેલ એકંદર કુલ સંમતિ વળતરની રકમમાં ભાવ વધારાનો સમાવેશ થઇ ગયેલ હોઇ આ વળતર અલગથી આપવાનું રહેતું નથી.

(૧૫) **વ્યાજની ચુકવણી:-**

સદરહું કેસમાં સંમતિ એવોર્ડ કરવાનો હોઇ તેમાં વ્યાજનો સમાવેશ જમીનની પ્રતિ ચોરસ મીટરની નક્કી કરેલ રકમમાં થયેલ હોઇ અલગ વ્યાજ ચુકવવાનું થતું નથી.

(૧૬) **આગોતર વળતર :-**

સદરહુ કેસમાં સંપાદક સંસ્થાએ જમીન/મિલકત કબજેદારોને પત્રક-બી ની વિગતે ૧૦૦% પ્રમાણે બારોબાર રકમ ચુકવેલ છે.

(૧૭) **જમીન સંપાદનના કેસોમાં સરકારશ્રી દ્વારા મહેકમ ખર્ચ વસુલ કરવા બાબત:**

ગુજરાત સરકારશ્રી, મહેસુલ વિભાગના પરિપત્ર ક્રમાંકઃ એલએક્યુ/૨૦૧૯/૨૦૦૬-ઘ, તા.૨૬/૧૨/૨૦૧૯ થી, બોર્ડ, કોર્પોરેશન, નેશનલ હાઇવે, બુલેટ ટ્રેન, મેટ્રો ટ્રેન વિગેરે જેવી કોઈ સંસ્થા, બોર્ડ, કોર્પોરેશન માટે જમીન સંપાદનના કેસોમાં સંબંધિત સંપાદક સંસ્થા પાસેથી મહેકમ ખર્ચ વસુલ કરવાની જોગવાઇ કરવામાં આવેલ છે. સદરહુ પરિપત્રની જોગવાઇ મુજબ, સંપાદક સંસ્થા બોર્ડ, કોર્પોરેશન માટે સંપાદન થયેલ જમીનના એવોર્ડથી આકારેલ કુલ વળતર રૂા. ૧૦ (દસ) કરોડ થી વધુ પરંતુ ૨૫ (પચ્ચીસ) કરોડ સુધી હોય ત્યાં, કુલ વળતરની રકમના ૧% અથવા ઓછામાં ઓછો મહેકમ ખર્ચ રૂા.૧૦,૦૦,૦૦૦/- (દસ લાખ )એ માંથી જે વધારે રકમ હોય તે, રકમ મહેકમ ખર્ચ તરીકે વસુલ કરીને સરકારી તિજોરીમાં જમા કરાવવાની રહે છે. સદરહુ કેસમાં કુલ સંપાદિત થયેલ ક્ષેત્રફળ ૧૪૨૧.૯૬ ચો.મી. જમીન માટે કુલ રૂા. ૧૪,૦૮,૭૪,૪૦૪/-(અંકે રૂપીયા ચૌદ કરોડ આઠ લાખ ચુંમોતેર હજાર ચારસો ચાર પુરા) નું વળતર આકારવામાં આવેલ હોઇને, તેના ૧% રકમ તરીકે રૂા. ૧૪,૦૮,૭૪૪/- (અંકે રૂપિયા ચૌદ લાખ આઠ હજાર સાતસો ચુંમવાલીસ પુરા) સંપાદક સંસ્થા જી.એમ.આર.સી.લી.પાસેથી અધિનિયમની કલમ-૯૫ ની જોગવાઇ મુજબ વસુલ કરીને સરકારી તિજોરીમાં જમા કરાવવા ઠરાવું છું.

(૧૮) **જમીનનો ઉપયોગ બદલવા માટે જમીનના કબજેદાર/ ખાતેદારે સરકારશ્રીને રૂપાંતર વેરો ભરવા બાબત :-**

ગુજરાત સરકારશ્રી, મહેસુલ વિભાગના પરિપત્ર ક્રમાંકઃ બખપ-૧૦૭૯-૧૬૮-ક, તા. ૧૩/૨/૧૯૭૯ થી કરેલ જોગવાઇ અનુસાર, સંપાદન થયેલ જમીનો જયારે સંપાદક સંસ્થાને બીનખેતીના ઉપયોગ માટે અપાય ત્યારે ગુજરાત જમીન મહેસુલ અધિનિયમની કલમ- ૬૭એની જોગવાઇઓ હેઠળ નિયમ મુજબનો રૂપાંતર વેરો વસુલ કરવાનો થાય છે. સદરહુ હેતુસર, ગુજરાત સરકારશ્રી દ્વારા, ગુજરાત જમીન મહેસુલ (સુધારા) અધિનિયમ, ૨૦૧૬, (૨૦૧૬ નો ગુજરાત કાયદા નં-૩) તા. ૨૧/૩/૨૦૧૬ થી ગુજરાત સરકારશ્રીના ગેઝેટમાં પ્રસિધ્ધ કરેલ છે. જે સુધારા અધિનિયમ ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના તા.૨૧/૩/૨૦૧૬ ના ગુજરાત સરકારશ્રીના ગેઝેટમાં પ્રસિધ્ધ થયેલ ગુજરાત કાયદા નં-૩/૨૦૧૬અનુસાર તા.૨૧/૩/૨૦૧૬ થી સમગ્ર ગુજરાત રાજયમાં અમલમાં આવેલ છે. સદરહુ સુધારા અધિનિયમની કલમ-૬ ની પેટા કલમ-(૪) થી

ગુજરાત રાજયમાં જમીનના બીનખેતી ઉપયોગ માટે સરકારશ્રીને ભરવાપાત્ર રૂપાંતરવેરાના નક્કી કરેલ સુધારેલ દરો મુજબ મોજે ગામઃવસ્ત્રાલ (વસ્ત્રાલ),તા.વટવા, જિ. અમદાવાદની અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેકટના અમલીકરણના હેતુ માટે સંપાદન કરેલ શહેરી વિસ્તારની બિનખેતીની જમીનોનો બિનખેતી ઉપયોગ કરવા માટે સદરહુ પેટા કલમ નીચે દર્શાવેલ ટેબલના ક્રમ નં.(૬) મુજબ રૂા.૩૦/- પ્રતિ ચો.મી. લેખે સંપાદિત જમીનના કુલ ક્ષેત્રફળ મુજબની રકમ સંપાદક સંસ્થા ગુજરાત મેટ્રોરેલ કોર્પોરશન લી.એ ગુજરાત સરકારશ્રીને રૂપાંતર વેરો ભરવા ઠરાવું છું.

(૧૯) <u>સંપાદન થયેલ જમીન અંગે સંપાદક સંસ્થાએ બિનખેતી ઉપયોગ માટે ગુજરાત જમીન મહેસુલ અધિનિયમ, ૧૮૭૯ ની કલમ-૬૫ હેઠળ અને નિયમ-૮૬ મુજબ બિન-ખેતી આકાર ભરવા બાબત :-</u>

ગુજરાત સરકારશ્રી, મહેસુલ વિભાગના પરિપત્ર ક્રમાંક: એલએક્યુ/૨૨૬૬/એલ.એ-૪ તા.૧૬/૫/૧૯૬૭ થી સંપાદક સંસ્થાએ સંપાદિત થયેલ જમીનો અંગે ગુજરાત જમીન મહેસુલ અધિનિયમ, ૧૮૭૯ ની કલમ-૬૫ મુજબ બિનખેતી હેતુનું મહેસુલ ભરવાની જોગવાઇ કરવામાં આવેલ છે. સદરહું પરિપત્રની જોગવાઇ મુજબ, આ હેતુ માટે સંપાદક સંસ્થા પાસેથી બિન-ખેતીનો આકાર વસુલ કરવા માટે અને તે આકાર કઇ તારીખથી વસુલ કરવો તે નક્કી કરવા માટે ગુજરાત જમીન મહેસુલ નિયમો, ૧૯૭૨ ના નિયમ-૮૬ ની જોગવાઇઓને અનુસરવાની રહે છે. આ નિયમોના હેતુસર, સંપાદન થયેલી જમીનનો કબજો સંપાદક સંસ્થાને જે તારીખથી આપવામાં આવે તે તારીખથી તેમને બિનખેતી ઉપયોગ કરવાની મંજુરી આપવામાં આવી છે તેમ ગણત્રીમાં લેવાનું રહે છે. જેથી ગામ: વસ્ત્રાલ (વસ્ત્રાલ), તા.વટવા જિ.અમદાવાદ આ એવોર્ડથી સંપાદિત થયેલ જમીનનો સંપાદક સંસ્થા જી.એમ.આર.સી.લી. ધ્વારા બિનખેતી વાણિજ્ય ઉપયોગ કરવા માટે પ્રવર્તમાન નિયમો/ઠરાવો મુજબ વસુલ કરવાપાત્ર બિનખેતી વાણીજ્ય હેતુનો વિશેષ ધારો પ્રવર્તમાન નિયમો મુજબ રૂ. ૦-૬૦ પૈસા પ્રતિ ચો.મી મુજબ વસુલ કરવાપાત્ર થાય છે. જે મુજબ સંપાદીત જમીનનો પ્રત્યક્ષ કબજો સંભાળ્યાના મહેસુલી વર્ષ માટેના બીનખેતી વાણીજ્ય હેતુનો પ્રવર્તમાન મહેસુલી વર્ષ માટેના બિનખેતી વાણિજ્ય હેતુના વિશેષ ધારો તથા લાગુ પડતા અન્ય વેરા (લોકલ ફંડ+ શિક્ષણ ઉપકર વગેરે સહિત) સંપાદક સંસ્થા જી.એમ.આર.સી.લી. એ તલાટીશ્રી, વસ્ત્રાલ સરકારી ચાવડી, વસ્ત્રાલ તા. વટવાને ભરપાઇ કરવા ઠરાવું છું . તેમજ તે બાબતે ગુજરાત સરકારશ્રી ધ્વારા વખતો વખત થતા વિશેષ ધારાના સુધારેલ દરોને આધીન ભરવાપાત્ર બીનખેતી વાણિજ્ય હેતુના વિશેષ ધારાની રકમ તથા લાગુ પડતા અન્ય વેરા (લોકલ ફંડ+ શિક્ષણ ઉપકર વગેરે સહિત) જે તે મહેસુલી વર્ષમાં જુલાઇ માસની ૩૧ તારીખની અંતિમ મુદત સુધીમાં સંપાદક સંસ્થાએ ભરપાઇ કરવાની રહેશે. તેમ ઠરાવું છું.

(૨૦) <u>હુકમ :-</u>

જમીન સંપાદન અધિનિયમ-૨૦૧૩ ની જોગવાઇઓને આધીન રહીને અને ઉપરોક્ત વર્ણવેલ તમામ વિગતોને ધ્યાને લઇને આથી જાહેર કરવામાં આવે છે કે મોજે: વસ્ત્રાલ (વસ્ત્રાલ), તા.વટવાની પરિશિષ્ટ-એ માં દર્શાવેલ જમીનો અમ્દાવાદ મેટ્રો રેલ પ્રોજેકટ માટે સંમતિ કરાર આધારે સંપાદન કરવામાં આવે છે અને નીચેની વિગતે સંપાદિત જમીનનું વળતર તથા પેરા (૧૭), (૧૮) અને (૧૯) ની વિગતે સરકારી લ્હેણાં આકારવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (૧) | સંમતિ કરાર મુજબ સંપાદન થતી જમીનનું કુલ ક્ષેત્રફળ રૂા. (પરિશિષ્ટ-એ) | ૧૪૨૧.૯૬ ચો.મી |
| (૨) | સંપાદન થયેલ જમીન/મિલકતનું કુલ ચુકવવા પાત્ર વળતર રૂા. (પરિશિષ્ટ-બી) | ૧૪,૦૮,૭૪,૪૦૪/- |
| (૩) | આગોતર વળતર ચુકવેલ રકમ રૂા. (પરિશિષ્ટ-બી) | ૧૪,૦૮,૭૪,૪૦૪/- |
| (૪) | ચોખ્ખી ચુકવવાપાત્ર રકમ રૂા. (પરિશિષ્ટ-બી) | ૦૦/- |
| (૫) | એવોર્ડની કુલ રકમના ૧% પ્રમાણે મહેકમ ખર્ચ રૂા. | ૧૪,૦૮,૭૪૪/- |
| (૬) | રૂપાંતર વેરો રૂા. | ૪૨,૬૫૯/- |
| (૭) | એવોર્ડની કુલ રકમ રૂા. (૨+૫+૬) | ૧૪,૨૩,૨૫,૮૦૭/- |

ઉપરોક્ત વિગતે ક્રમ (૫) અને (૬) માં જણાવેલ સરકારી લ્હેણાંની રકમ સરકારશ્રીમાં જમા કરાવવા માટે અત્રેની કચેરી ખાતે જમા કરાવવા અને પેરા-(૧૯) મુજબ ભરવાપાત્ર બિનખેતી આકાર તથા લાગુ પડતા અન્ય વેરા સંપાદક સંસ્થાએ બારોબાર તલાટીશ્રી, વસ્ત્રાલ સરકારી ચાવડી, મોજે.વસ્ત્રાલ, તા:વટવા જિ.અમદાવાદને ભરપાઇ કરવા ઠરાવુ છુ.

(૬)

(૨૧) સંપાદીત થતી જમીનનો કબજો સંભાળ્યા તારીખથી તે જમીનનું ક્ષેત્રફળ તથા તેનો ખેતીનો વરાડે આકાર કમી કરવાની કમી–જાસ્તી પત્રકોની અસર આપવાની તથા સંપાદિત જમીનની બિન–ખેતી મહેસુલની આકારણી કરવાની કાર્યવાહી મામલતદારશ્રી વટવાએ કરવાની રહેશે. તેમજ સદરહું એવોર્ડથી સંપાદિત થતી જમીનની નોંધ સંબંધિત મહેસુલી રેકર્ડમાં કરવાની રહેશે.

(૨૨) જીલ્લા નિરીક્ષકશ્રી જમીન દફ્તર અમદાવાદને સદરહું એવોર્ડ મુજબ સંપાદિત થતી જમીનની કપાતની અસર આપવા માટે કમી–જાસ્તી પત્રક તૈયાર કરીને સંબંધિત મહેસુલી રેકર્ડમાં જરૂરી સુધારો કરવા સુચના આપવામાં આવે છે.

સ્થળ:- અમદાવાદ
એવોર્ડ લખ્યા તારીખ :૧૨/૦૫/૨૦૨૦
એવોર્ડ જાહેર કર્યા તારીખ:૧૨/૦૫/૨૦૨૦

બીજા વધારાના ખાસ જમીન સંપાદન અધિકારી,
અમદાવાદ.

નકલ રવાના: –

(૧) મામલતદારશ્રી, વટવા,
મામલતદારશ્રી વટવાની કચેરી,
પાવર ગ્રીડ પાસે, લાંભા, એસ.પી. રીંગ રોડ, અમદાવદ
તરફ જાણ તથા આગળની કાર્યવાહી કરવા સારું.

(૨) જીલ્લા નિરીક્ષકશ્રી, જમીન દફ્તર કચેરી, મોજણી ભવન,
જુના વાડજ, ભીમજીપુરા, અમદાવાદ.
જાણ તથા આગળની જરૂરી કાર્યવાહી સારૂ.

(૩) ચીફ જનરલ મેનેજરશ્રી (કોર્પોરેટ પ્લાનીંગ)
ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિ.
બ્લોક નં ૧, કર્મયોગી ભવન
સેકટર–૧૦ એ,ગાંધીનગર.
જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ

(૭)

### પરિશિષ્ટ-એ

સંમતિ કરાર મુજબ સંપાદન થતી જમીનની વિગતનું પત્રક
એલ એક્યુ/કેસ નં-૧૮/૨૦૧૭
મોજે: વસ્ત્રાલ(મેટ્રો સ્ટેશન), તા.વટવા જિ: અમદાવાદ
જમીન સંપાદનનો હેતુ: મેટ્રો રેલ પ્રોજેક્ટ માટે જમીન સંપાદન

| ક્રમ નં. | સર્વે નં/બ્લોક નં | વિગત | સંપાદન જમીન/મિલકતનું વર્ણન |
|---|---|---|---|
| | | | જમીન + બાંધકામ (ચો.મી) |
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | ટી.પી નં.૧૦૫,<br>એફ.પી નં ૧/૫,<br>રે.સર્વે નં.૯૭૨/૧/૧ | પ્રોપર્ટી નંબર -3 | ૧૯.૯૧ |
| ૨ | | પ્રોપર્ટી નંબર -<br>૫ એ/બી | ૪૦.૦૧ |
| 3 | | પ્રોપર્ટી નંબર - ૬ | ૨૪.૫૨ |
| ૪ | | પ્રોપર્ટી નંબર -૯ | ૧૭.૧૨ |
| ૫ | | પ્રોપર્ટી નંબર -૧૦ | ૬.૮૫ |
| ૬ | | પ્રોપર્ટી નંબર -૧૧ | ૯.૪૯ |
| ૭ | | પ્રોપર્ટી નંબર -૧૨ | ૯.૮૧ |
| ૮ | | પ્રોપર્ટી નંબર -૧૨<br>( એ-એમ-૧),<br>( બી-એમ-૨),<br>(સી- એમ-3),<br>(ડી ડબલ્યુ-સી) | ૨૦૮.૨૦ |
| ૯ | | પ્રોપર્ટી નંબર -૧૩ | ૧૧.૫૬ |
| ૧૦ | | પ્રોપર્ટી નંબર -૧૪ | ૧૧.૪૩ |
| ૧૧ | | પ્રોપર્ટી નંબર -૧૫ | ૧૯.૪૯ |
| ૧૨ | | પ્રોપર્ટી નંબર -૧૭ | ૪.૮૬ |
| ૧૩ | | પ્રોપર્ટી નંબર -૧૮ | ૧૯.૯૩ |
| ૧૪ | | પ્રોપર્ટી નંબર -૧૯ | ૨૦.૪૩ |
| | | કુલ | ૪૨૩.૬૧ |

| ક્રમ નં. | સર્વે નં/બ્લોક નં | વિગત | સંપાદન જમીન/મિલકતનું વર્ણન |
|---|---|---|---|
| | | | જમીન + બાંધકામ (ચો.મી) |
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧૫ | ટી.પી નં.૧૦૫, એફ.પી નં ૯/૧૪, રે.સર્વે નં.૯૭૨/૧/૧ | પ્રોપર્ટી નંબર - ( ૨૨-એ & ૨૨-બી) | ૩૩.૯૦ |
| ૧૬ | | પ્રોપર્ટી નંબર - ( ૨૪-એ,૨૪-બી+સી) | ૮૬.૨૬ |
| ૧૭ | | પ્રોપર્ટી નંબર - ૨૪-ડી / ૨૫ | ૩૮.૮૯ |
| ૧૮ | | પ્રોપર્ટી નંબર - ૨૬ | ૪૫.૪૨ |
| ૧૯ | | પ્રોપર્ટી નંબર - ૨૭ | ૧૩.૧૫ |
| ૨૦ | | પ્રોપર્ટી નંબર - ૨૮ એ & બી | ૨૦.૭૧ |
| ૨૧ | | પ્રોપર્ટી નંબર - ૨૯ | ૧૧.૯૭ |
| ૨૨ | | પ્રોપર્ટી નંબર - ૩૧ (૩૦+૩૧) | ૪૨.૯૪ |
| ૨૩ | | પ્રોપર્ટી નંબર - ૩૩ | ૭૬.૭૬ |
| | | કુલ | ૩૭૦. |
| ૨૪ | ટી.પી નં.૧૦૫, એફ.પી નં ૯/૧૩, રે.સર્વે નં.૯૭૨/૧/૧ | પ્રોપર્ટી નંબર - ૩૪ ( એ, બી, સી, ડી) | ૯૫.૫૧ |
| ૨૫ | | પ્રોપર્ટી નંબર -૩૫ | ૪૪.૫૨ |
| ૨૬ | | પ્રોપર્ટી નંબર - ૩૮ | ૯.૬૦ |
| ૨૭ | | પ્રોપર્ટી નંબર - ૩૯ | ૨૬.૭૬ |
| ૨૮ | | પ્રોપર્ટી નંબર - ૪૦ | ૨૦.૯૬ |
| ૨૯ | | પ્રોપર્ટી નંબર - ૪૧, ૪૨ | ૩૫.૬૨ |
| ૩૦ | | પ્રોપર્ટી નંબર - ૪૩ | ૨૭.૬૩ |
| ૩૧ | | પ્રોપર્ટી નંબર - ૪૪-એ | ૪.૯૮ |
| ૩૨ | | પ્રોપર્ટી નંબર - ૪૪-બી | ૨૫.૯ |

| ક્રમ નં. | સર્વે નં/બ્લોક નં | વિગત | સંપાદન જમીન/મિલકતનું વર્ણન |
|---|---|---|---|
| | | | જમીન + બાંધકામ (ચો.મી) |
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૩૩ | | પ્રોપર્ટી નંબર -૪૫ | ૪૨.૭ |
| ૩૪ | | પ્રોપર્ટી નંબર -૪૬ | ૫૪.૯૯ |
| ૩૫ | | પ્રોપર્ટી નંબર - ૪૭ | ૬.૭૩ |
| ૩૬ | | પ્રોપર્ટી નંબર -૪૮ | ૮.૫૮ |
| ૩૭ | | પ્રોપર્ટી નંબર -૪૯ | ૩૬.૮૩ |
| ૩૮ | | પ્રોપર્ટી નંબર -૫૦ | ૫.૭૨ |
| ૩૯ | | પ્રોપર્ટી નંબર -૫૪ | ૧૭.૯ |
| ૪૦ | | પ્રોપર્ટી નંબર -૫૫ (એ,બી, સી, ડી, ઈ, એફ, જી) | ૧૬૩.૪૨ |
| | | કુલ | ૬૨૮.૩૫ |
| | એકંદરે કુલ જમીન :- | | ૧૪૨૧.૯૬ |

સ્થળ:અમદાવાદ
એવોર્ડ લખ્યા તારીખ:૧૨ /૫/૨૦૨૦
એવોર્ડ જાહેર કર્યા તારીખ:૧૨/૦૫/૨૦૨૦

બીજા વધારાના ખાસ જમીન સંપાદન અધિકારી
અમદાવાદ

# પરિશિષ્ટ-બી

**એલ એક્યુ/કેસ નં-૧૮/૨૦૧૭**
**મોજે: વસ્ત્રાલ(મેટ્રો સ્ટેશન), તા.વટવા જિ: અમદાવાદ**
**જમીન સંપાદનનો હેતુ: મેટ્રો રેલ પ્રોજેક્ટ માટે જમીન સંપાદન**

| ક્રમ નં. | જમીન /મિલકતના કબજેદાર/હિતધારકનું નામ | સર્વે નં/બ્લોક નં | સંપાદિત જમીન/મિલકતનું વર્ણન | | સંમતિ કરારથી નક્કી કરેલ કુલ વળતર | ચુકવેલ આગોતર વળતર | ચુકવવાનું બાકી વળતર | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | વિગત | જમીન + બાંધકામ (ચો.મી) | રૂપિયા | રૂપિયા | રૂપિયા | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧ | બળદેભાઈ ભગવાનભાઈ પ્રજાપતિ | ટી.પી નં.૧૦૫, એફ.પી નં ૧/૫, રે.સર્વે નં.૯૭૨/૧/૧ | પ્રોપર્ટી નંબર -૩ | ૧૯.૯૧ | ૧૬૩૩૩૬૮ | ૧૬૩૩૩૬૮ | 0 | |
| | સિધ્ધાર્થ નૈષદરાઇ મુનશી અને ભાર્ગવ નૈષદરાઇ મુનશી | | | | ૨૫૦૦૦૦ | ૨૫૦૦૦૦ | 0 | |
| ૨ | ભીખાભાઈ કુંવરજીભાઈ પટેલ | | પ્રોપર્ટી નંબર - ૫ એ/બી | ૪૦.૦૧ | ૩૮૮૯૭૯૧ | ૩૮૮૯૭૯૧ | 0 | |
| | સિધ્ધાર્થ નૈષદરાઇ મુનશી અને ભાર્ગવ નૈષદરાઇ મુનશી | | | | ૪૫૦૦૦૦ | ૪૫૦૦૦૦ | 0 | |
| ૩ | જસુમતીબેન વિનુભાઈ પટેલ | | પ્રોપર્ટી નંબર - ૬ | ૨૪.૫૨ | ૧૦૨૬૬૩૨ | ૧૦૨૬૬૩૨ | 0 | |
| | સિધ્ધાર્થ નૈષદરાઇ મુનશી અને ભાર્ગવ નૈષદરાઇ મુનશી | | | | ૫૦૦૦૦૦ | ૫૦૦૦૦૦ | 0 | |
| ૪ | દિલીપભાઈ મોહનભાઈ પટેલ | | પ્રોપર્ટી નંબર -૯ | ૧૭.૧૨ | ૪૦૪૫૪૯૭ | ૪૦૪૫૪૯૭ | 0 | |
| | સિધ્ધાર્થ નૈષદરાઇ મુનશી અને ભાર્ગવ નૈષદરાઇ મુનશી | | | | ૫૦૦૦૦ | ૫૦૦૦૦ | 0 | |
| ૫ | કરમશીભાઈ ભીખાભાઈ ભરવાડ | | પ્રોપર્ટી નંબર -૧૦ | ૬.૮૫ | ૧૧૮૯૫૦૦ | ૧૧૮૯૫૦૦ | 0 | |
| | સિધ્ધાર્થ નૈષદરાઇ મુનશી અને ભાર્ગવ નૈષદરાઇ મુનશી | | | | ૨૨૫૦૦૦ | ૨૨૫૦૦૦ | 0 | |
| ૬ | ભીમાભાઈ ખોડાભાઈ ભરવાડ | | પ્રોપર્ટી નંબર -૧૧ | ૯.૪૯ | ૧૪૭૯૯૦૦ | ૧૪૭૯૯૦૦ | 0 | |
| | સિધ્ધાર્થ નૈષદરાઇ મુનશી અને ભાર્ગવ નૈષદરાઇ મુનશી | | | | ૨૨૫૦૦૦ | ૨૨૫૦૦૦ | 0 | |
| ૭ | જહાભાઈ ખોડાભાઈ ભરવાડ | | પ્રોપર્ટી નંબર -૧૨ | ૯.૮૧ | ૧૭૧૫૧૦૦ | ૧૭૧૫૧૦૦ | 0 | |
| | સિધ્ધાર્થ નૈષદરાઇ મુનશી અને ભાર્ગવ નૈષદરાઇ મુનશી | | | | ૨૨૫૦૦૦ | ૨૨૫૦૦૦ | 0 | |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | જહાભાઈ ખોડાભાઈ ભરવાડ | | પ્રોપર્ટી નંબર -૧૨ (એ-એમ-૧), (બી-એમ-૨), (સી- એમ-૩), (ડી ડબલ્યુ-સી) | ૨૦૮.૨૦ | ૨૦૫૯૭૧૬૫ | ૨૦૫૯૭૧૬૫ | ૦ | |
| | સિધ્ધાર્થ નૈષદરાઇ મુનશી અને ભાર્ગવ નૈષદરાઇ મુનશી | | | | ૨૦૦૦૦૦ | ૨૦૦૦૦૦ | ૦ | |
| ૯ | માતમભાઈ ખોડાભાઈ ભરવાડ | | પ્રોપર્ટી નંબર -૧૩ | ૧૧.૫૬ | ૧૭૦૭૬૦૦ | ૧૭૦૭૬૦૦ | ૦ | |
| | સિધ્ધાર્થ નૈષદરાઇ મુનશી અને ભાર્ગવ નૈષદરાઇ મુનશી | | | | ૨૨૫૦૦૦ | ૨૨૫૦૦૦ | ૦ | |
| ૧૦ | નેપાભાઈ ખોડાભાઈ ભરવાડ | | પ્રોપર્ટી નંબર -૧૪ | ૧૧.૪૩ | ૧૬૯૩૩૦૦ | ૧૬૯૩૩૦૦ | ૦ | |
| | સિધ્ધાર્થ નૈષદરાઇ મુનશી અને ભાર્ગવ નૈષદરાઇ મુનશી | | | | ૨૨૫૦૦૦ | ૨૨૫૦૦૦ | ૦ | |
| ૧૧ | વિજયભાઈ ઇશ્વરભાઈ દેસાઈ | | પ્રોપર્ટી નંબર -૧૫ | ૧૯.૪૯ | ૨૩૫૪૯૦૦ | ૨૩૫૪૯૦૦ | ૦ | |
| | સિધ્ધાર્થ નૈષદરાઇ મુનશી અને ભાર્ગવ નૈષદરાઇ મુનશી | | | | ૪૫૦૦૦૦ | ૪૫૦૦૦૦ | ૦ | |
| ૧૨ | સુરાભાઈ ખેંગારભાઈ ભરવાડ | | પ્રોપર્ટી નંબર -૧૭ | ૪.૮૬ | ૧૦૦૫૬૦૦ | ૧૦૦૫૬૦૦ | ૦ | |
| | સિધ્ધાર્થ નૈષદરાઇ મુનશી અને ભાર્ગવ નૈષદરાઇ મુનશી | | | | ૧૯૦૦૦૦ | ૧૯૦૦૦૦ | ૦ | |
| ૧૩ | માતરાભાઈ કુંવરભાઈ ભરવાડ | | પ્રોપર્ટી નંબર -૧૮ | ૧૯.૯૩ | ૨૪૦૩૩૦૦ | ૨૪૦૩૩૦૦ | ૦ | |
| | સિધ્ધાર્થ નૈષદરાઇ મુનશી અને ભાર્ગવ નૈષદરાઇ મુનશી | | | | ૪૫૦૦૦૦ | ૪૫૦૦૦૦ | ૦ | |
| ૧૪ | નવઘણભાઈ કમાભાઈ ભરવાડ | | પ્રોપર્ટી નંબર -૧૯ | ૨૦.૪૩ | ૨૫૦૨૩૦૦ | ૨૫૦૨૩૦૦ | ૦ | |
| | સિધ્ધાર્થ નૈષદરાઇ મુનશી અને ભાર્ગવ નૈષદરાઇ મુનશી | | | | ૪૫૦૦૦૦ | ૪૫૦૦૦૦ | ૦ | |
| ૧૫ | મહેશ ભાઈ કાનજીભાઈ પટેલ | ટી.પી નં.૧૦૫, એફ.પી નં ૯/૧૪, રે.સર્વે નં.૯૭૨/૧/૧ | પ્રોપર્ટી નંબર - (૨૨-એ & ૨૨-બી) | ૩૩.૯૦ | ૫૩૪૦૨૩૦ | ૫૩૪૦૨૩૦ | ૦ | |
| | કાનજીભાઈ છગનભાઈ પટેલ | | | | | | ૦ | |
| ૧૬ | લાલજીભાઈ ખીમજીભાઈ પટેલ | | પ્રોપર્ટી નંબર - (૨૪-એ,૨૪-બી+સી) | ૮૬.૨૬ | ૪૦૦૩૨૫૮ | ૪૦૦૩૨૫૮ | ૦ | |
| | ભરતભાઈ લાલજીભાઈ પટેલ | | | | | | ૦ | |
| ૧૭ | રામજીભાઈ ખીમજીભાઈ પટેલ | | પ્રોપર્ટી નંબર - ૨૪-ડી / ૨૫ | ૩૮.૮૯ | ૩૨૧૧૦૧૨ | ૩૨૧૧૦૧૨ | ૦ | |
| ૧૮ | અશોકભાઈ ડી બારૈયા | | પ્રોપર્ટી નંબર - ૨૬ | ૪૫.૪૨ | ૨૪૮૮૧૪૩ | ૨૪૮૮૧૪૩ | ૦ | |
| ૧૯ | શુશીલાબેન ગણેશભાઈ પટેલ | | પ્રોપર્ટી નંબર - ૨૭ | ૧૩.૧૫ | ૨૨૬૫૬૧૮ | ૨૨૬૫૬૧૮ | ૦ | |
| | ધીરુભાઈ ઈશ્વરભાઈ પટેલ<br>કમલેશભાઈ ઈશ્વરભાઈ પટેલ | | | | ૧૫૦૦૦૦ | ૧૫૦૦૦૦ | ૦ | |
| ૨૦ | જશુબેન અનિલભાઈ માલવીયા | | પ્રોપર્ટી નંબર - ૨૮ એ & બી | ૨૦.૭૧ | ૨૬૮૯૧૦૦ | ૨૬૮૯૧૦૦ | ૦ | |
| | ધીરુભાઈ ઈશ્વરભાઈ પટેલ | | | | ૨૫૦૦૦૦ | ૨૫૦૦૦૦ | ૦ | |



૭

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨૧ | મંગળભાઈ પ્રજાપતી | | પ્રોપર્ટી નંબર - ૨૯ | ૧૧.૯૭ | ૧૯૭૭૭૦૦ | ૧૯૭૭૭૦૦ | ૦ | |
| ૨૨ | ધીરુભાઈ ઈશ્વરભાઈ પટેલ | | પ્રોપર્ટી નંબર - ૩૧ (૩૦+૩૧) | ૪૨.૯૪ | ૪૧૭૬૯૯૦ | ૪૧૭૬૯૯૦ | ૦ | |
| ૨૩ | મેઘજીભાઈ કાનજીભાઈ લુહાર | | પ્રોપર્ટી નંબર - ૩૩ | ૭૬.૭૬ | ૧૦૨૪૪૫૩૬ | ૧૦૨૪૪૫૩૬ | ૦ | |
| ૨૪ | મનહરભાઈ કાનજીભાઈ લુહાર | ટી.પી નં.૧૦૫, એફ.પી નં ૯/૧૩, રે.સર્વે નં.૯૭૨/૧/૧ | પ્રોપર્ટી નંબર - ૩૪ (એ, બી, સી, ડી) | ૯૫.૫૧ | ૮૩૧૨૫૭૮ | ૮૩૧૨૫૭૮ | ૦ | |
| ૨૫ | પ્રજાપતિ ભરતભાઈ ખેમરાજભાઈ | | પ્રોપર્ટી નંબર -૩૫ | ૪૪.૫૨ | ૪૪૩૦૦૫૦ | ૪૪૩૦૦૫૦ | ૦ | |
| | નિયંતિકા શ્યામરાવ | | | | ૧૫૦૦૦૦૦ | ૧૫૦૦૦૦૦ | ૦ | |
| ૨૬ | બાબુભાઈ રવજીભાઈ પટેલ | | પ્રોપર્ટી નંબર - ૩૮ | ૯.૬૦ | ૧૫૮૪૮૯૦ | ૧૫૮૪૮૯૦ | ૦ | |
| ૨૭ | કરશનભાઈ માવજીભાઈ પટેલ | | પ્રોપર્ટી નંબર - ૩૯ | ૨૬.૭૬ | ૩૬૦૪૬૦૦ | ૩૬૦૪૬૦૦ | ૦ | |
| ૨૮ | ધનજીભાઈ રણછોડભાઈ પટેલ | | પ્રોપર્ટી નંબર - ૪૦ | ૨૦.૯૬ | ૧૯૦૭૯૫૮ | ૧૯૦૭૯૫૮ | ૦ | |
| ૨૯ | કૌશિકભાઈ દેવજીભાઈ પટેલ | | પ્રોપર્ટી નંબર - ૪૧, ૪૨ | ૩૫.૬૨ | ૧૬૩૧૨૭૪ | ૧૬૩૧૨૭૪ | ૦ | |
| ૩૦ | બીપીનભાઈ દેવજીભાઈ પટેલ | | પ્રોપર્ટી નંબર - ૪૩ | ૨૭.૬૩ | ૫૦૫૧૬૬૮ | ૫૦૫૧૬૬૮ | ૦ | |
| ૩૧ | પોપટલાલ રણછોડભાઈ પટેલ | | પ્રોપર્ટી નંબર - ૪૪-એ | ૪.૯૮ | ૨૨૬૫૬૭૦ | ૨૨૬૫૬૭૦ | ૦ | |
| ૩૨ | ગોવિંદભાઈ માવજીભાઈ પટેલ | | પ્રોપર્ટી નંબર - ૪૪-બી | ૨૫.૯૦ | ૧૬૪૯૨૨૮ | ૧૬૪૯૨૨૮ | ૦ | |
| ૩૩ | સુરાભાઈ ખેંગારભાઈ ભરવાડ | | પ્રોપર્ટી નંબર -૪૫ | ૪૨.૭૦ | ૨૪૩૬૨૧૪ | ૨૪૩૬૨૧૪ | ૦ | |
| ૩૪ | માતરાભાઈ કુંવરભાઈ ભરવાડ | | પ્રોપર્ટી નંબર -૪૬ | ૫૪.૯૯ | ૩૯૪૫૦૮૪ | ૩૯૪૫૦૮૪ | ૦ | |
| ૩૫ | કમુબેન બચુભાઈ રાવળ | | પ્રોપર્ટી નંબર - ૪૭ | ૬.૭૩ | ૧૪૦૧૩૦૦ | ૧૪૦૧૩૦૦ | ૦ | |
| ૩૬ | નટુભાઈ મગનભાઈ સોલંકી | | પ્રોપર્ટી નંબર -૪૮ | ૮.૫૮ | ૧૬૦૪૮૦૦ | ૧૬૦૪૮૦૦ | ૦ | |
| ૩૭ | નરસિંહભાઈ બચુભાઈ રાવળ | | પ્રોપર્ટી નંબર -૪૯ | ૩૬.૮૩ | ૧૭૨૧૯૮૮ | ૧૭૨૧૯૮૮ | ૦ | |
| ૩૮ | વિનુભાઈ બચુભાઈ રાવળ | | પ્રોપર્ટી નંબર -૫૦ | ૫.૭૨ | ૮૧૦૫૫૫ | ૮૧૦૫૫૫ | ૦ | |
| ૩૯ | ચંદ્રેશકુમાર તોપનદાસ મેતાઈ | | પ્રોપર્ટી નંબર -૫૪ | ૧૭.૯૦ | ૧૯૦૫૦૦૦ | ૧૯૦૫૦૦૦ | ૦ | |
| | રામાભાઈ દેવાભાઈ ભરવાડ | | | | ૭૨૫૦૦૦ | ૭૨૫૦૦૦ | ૦ | |
| ૪૦ | લક્ષ્મણભાઈ દેવાભાઈ ભરવાડ | | પ્રોપર્ટી નંબર -૫૫ (એ,બી, સી, ડી, ઈ, એફ, જી) | ૧૬૩.૪૨ | ૬૨૨૯૯૯૭ | ૬૨૨૯૯૯૭ | ૦ | |
| કુલ:- | | | | ૧૪૨૧.૯૬ | ૧૪૦૮૭૪૪૦૪ | ૧૪૦૮૭૪૪૦૪ | ૦ | |

સ્થળ:અમદાવાદ
એવોર્ડ લખ્યા તારીખ: ૨૨/૭/૨૦૨૦
એવોર્ડ જાહેર કર્યા તારીખ: ૨૨/૭/૨૦૨૦

બીજા વધારાના ખાસ જમીન સંપાદન અધિકારી
અમદાવાદ